# PAPER-II
# GUJARATI

**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________________
   (Name) ____________________________
2. (Signature) ____________________________
   (Name) ____________________________

OMR Sheet No. : ..............................................
(To be filled by the Candidate)

Roll No. | | | | | | | | |
(In figures as per admission card)

Roll No.____________________________________
(In words)

| J | 3 | 7 | 1 | 6 |
|---|---|---|---|---|

Time : **1 1/4** hours] [Maximum Marks : **100**

Number of Pages in this Booklet : **12** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Sheet and the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (1), (2), (3) and (4). You have to darken the circle as indicated below on the correct response against each item.
   **Example :** ① ② ● ④
   where (3) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **OMR Sheet given inside the Booklet only.** If you mark your response at any place other than in the circle in the OMR Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the Original OMR Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are, however, allowed to carry original question booklet and duplicate copy of OMR Sheet on conclusion of examination.
10. **Use only Black Ball point pen provided by C.B.S.E.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. इस पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए ।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं ।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी । पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए पुस्तिका पर लगी कागज की सील को फाड़ लें । खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें ।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं । दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात् किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें । इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे । उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा ।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका का नंबर OMR पत्रक पर अंकित करें और OMR पत्रक का नंबर इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें ।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (1), (2), (3) तथा (4) दिये गये हैं । आपको सही उत्तर के वृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है :
   **उदाहरण** : ① ② ● ④
   जबकि (3) सही उत्तर है ।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पुस्तिका के अन्दर दिये गये OMR पत्रक पर ही** अंकित करने हैं । यदि आप OMR पत्रक पर दिये गये वृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा ।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें ।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें ।
8. यदि आप OMR पत्रक पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, जैसे कि अंकित किये गये उत्तर को मिटाना या सफेद स्याही से बदलना तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं ।
9. आपको परीक्षा समाप्त होने पर मूल OMR पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें । हालांकि आप परीक्षा समाप्ति पर मूल प्रश्न-पुस्तिका तथा OMR पत्रक की डुप्लीकेट प्रति अपने साथ ले जा सकते हैं ।
10. **केवल C.B.S.E. द्वारा प्रदान किये गये काले बाल प्वाईंट पेन का ही इस्तेमाल करें ।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है ।**
12. **गलत उत्तरों के लिए कोई नकारात्मक अंक नहीं हैं ।**

# GUJARATI

## પ્રશ્નપત્ર – II

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (50)** હેતુલક્ષી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે (2)** ગુણ છે. **બધા** પ્રશ્નો ફરજિયાત છે.

**1.** ‘રેવંતગિરિરાસુ’ ના કર્તાનું નામ જણાવો.

(1) હરિભદ્રસૂરિ (2) ધર્મસૂરિ
(3) વિજયસેનસૂરિ (4) રાજશેખરસૂરિ

**2.** ‘મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી’ પંક્તિના કવિ કોણ છે ?

(1) રાજે (2) દયારામ
(3) નરસિંહ (4) વલ્લભ

**3.** નીચેનામાંથી કઈ કૃતિ ધીરા ભગતની છે ?

(1) આત્મજ્ઞાન (2) જ્ઞાનગીતા
(3) ધ્રુવાખ્યાન (4) ભક્તિપોષણ

**4.** ‘માધવાનલ કામકંદલા દોગ્ધક’ કયા પ્રકારની રચના છે ?

(1) ફાગુ (2) દોગ્ધક
(3) પ્રબંધ (4) પદ્યવાર્તા

**5.** આખ્યાનમાં ‘કડવા’ની જગ્યાએ ‘મીઠા’ સંજ્ઞાનો પ્રયોગ કોણે કર્યો છે ?

(1) ભાણસાહેબ (2) વિષ્ણુદાસ
(3) દયારામ (4) કોઈએ નહીં

**6.** નારાયણ હેમચન્દ્રની આત્મકથાનું નામ જણાવો.

(1) મારાં સ્મરણો (2) હું પોતે
(3) મારી કરમકથની (4) આત્મવૃત્તાંત

**7.** ‘સંચિત’ ઉપનામથી કાવ્યો લખનારા કવિનું નામ જણાવો.

(1) રૂપશંકર ઓઝા (2) જગન્નાથ ત્રિપાઠી
(3) ત્રિભુવન વ્યાસ (4) મોહનલાલ પુરાણી

**8.** ‘કેળવણીના પાયા’ કૃતિના લેખક કોણ છે ?

(1) દર્શક (2) ગાંધીજી
(3) કિશોરલાલ મશરૂવાળા (4) નાનાભાઈ ભટ્ટ

9. નીચેનામાંથી કઈ કૃતિ લાભશંકર ઠાકરની છે ?

| | |
|---|---|
| (1) ચતુર ચાલીસા | (2) કથકનો ‘ક’ |
| (3) પ્રાણપ્રતિષ્ઠા | (4) ઔષધમીમાંસા |

10. કાલાનુક્રમે ગોઠવો :

A. રેવંતગિરિરાસ

B. પેથડરાસ

C. ગૌતમરાસ

D. ભરતેશ્વરબાહુબલિરાસ

| | |
|---|---|
| (1) D, A, C, B | (2) D, C, B, A |
| (3) C, B, A, D | (4) D, A, B, C |

11. કાલાનુક્રમે ગોઠવો :

A. પુરોહિતની રાજભક્તિ

B. અશ્વત્થામા

C. દેવયાની

D. પરાજયની જીત

| | |
|---|---|
| (1) C, A, B, D | (2) B, D, C, A |
| (3) C, B, D, A | (4) A, C, B, D |

12. કાલાનુક્રમે ગોઠવો :

A. વાક્યવિચાર

B. અનુશીલન

C. ધાતુસંગ્રહ

D. ભાષાશાસ્ત્રની કેડીએ

| | |
|---|---|
| (1) C, A, D, B | (2) B, D, A, C |
| (3) C, B, A, D | (4) A, C, B, D |

13. કાલાનુક્રમે ગોઠવો :

A. દલપત ચૌહાણ

B. જોસેફ મેકવાન

C. ધરમાભાઈ શ્રીમાળી

D. રામ મોરી

| | |
|---|---|
| (1) A, C, D, B | (2) B, A, C, D |
| (3) B, C, D, A | (4) C, D, B, A |

**14.** કાલાનુક્રમે ગોઠવો :

(1) દેશ્ય શબ્દકોશ, કથનસપ્તશતી, કહેવતકોશ, થિસોરસ

(2) કહેવતકોશ, થિસોરસ, દેશ્ય શબ્દકોશ, કથન સપ્તશતી

(3) થિસોરસ, દેશ્ય શબ્દકોશ, કથન સપ્તશતી, કહેવતકોશ

(4) કથન સપ્તશતી, દેશ્ય શબ્દકોશ, થિસોરસ, કહેવતકોશ

**15.** કાલાનુક્રમે ગોઠવો :

(1) પેરિ ઈપ્સુસ, ધ રિપબ્લિક, પોએટિક્સ, ઓન પોએટ્રી એન્ડ પોએટ્સ

(2) ઓન પોએટ્રી એન્ડ પોએટ્સ, પેરિ ઈપ્સુસ, પોએટિક્સ, ધ રિપબ્લિક

(3) ધ રિપબ્લિક, પોએટિક્સ, પેરિ ઈપ્સુસ, ઓન પોએટ્રી એન્ડ પોએટ્સ

(4) પોએટિક્સ, ધ રિપબ્લિક, ઓન પોએટ્રી એન્ડ પોએટ્સ, પેરિ ઈપ્સુસ

**16.** કાલાનુક્રમે ગોઠવો :

(1) રસામૃત, લોકામૃત, લોકરંગ, લોકદ્વારેથી

(2) લોકદ્વારેથી, લોકામૃત, રસામૃત, લોકરંગ

(3) લોકરંગ, લોકદ્વારેથી, રસામૃત, લોકામૃત

(4) રસામૃત, લોકરંગ, લોકદ્વારેથી, લોકામૃત

**17.** કાલાનુક્રમે ગોઠવો :

(1) કામિની, કૃષ્ણા, ચૌલાદેવી, કનકદેવી

(2) કનકદેવી, ચૌલાદેવી, કૃષ્ણા, કામિની

(3) ચૌલાદેવી, કૃષ્ણા, કનકદેવી, કામિની

(4) કૃષ્ણા, કનકદેવી, કામિની, ચૌલાદેવી

**18.** કાલાનુક્રમે ગોઠવો :

(1) વાણી, ક્ષિતિજ, મનીષા, એતદ્

(2) એતદ્, વાણી, મનીષા, ક્ષિતિજ

(3) મનીષા, ક્ષિતિજ, વાણી, એતદ્

(4) વાણી, મનીષા, ક્ષિતિજ, એતદ્

**19.** સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) સુધારક યુગ : નર્મદ, દલપતરામ, ગગનવિહારી મહેતા

(2) પંડિત યુગ : આનંદશંકર, ભૃગુરાય અંજારિયા, રામપ્રસાદ બક્ષી

(3) ગાંધી યુગ : રા.વિ. પાઠક, વિજયરાય વૈદ્ય, જ્યોતીન્દ્ર દવે

(4) આધુનિક યુગ : સુરેશ જોશી, હેમંત દવે, જયંત પાઠક

20. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) નરસિંહ : હૂંડીનાં પદો, ઝારીનાં પદો, હારમાળા

(2) અખો : પંચીકરણ, અનુભવબિંદુ, સરસગીતા

(3) દયારામ : રસિકવલ્લભ, દાણલીલા, અજામિલ આખ્યાન

(4) મીરાં : નરસિંહરા માહ્યરા, દુદાજીના દુવારે, હરિસંહિતા

21. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) સરોજ પાઠક : ટાઈમ બૉમ્બ, મધ્યબિંદુ, લિખિતંગ

(2) ધીરુબહેન પટેલ : અનુસંધાન, હુતાશન, એક ડાળી મીઠી

(3) વર્ષા અડાલજા : માટીનું ઘર, પાંચ પગલાં પૃથ્વી, શગ રે સંકોરું

(4) ઈલા આરબ મહેતા : પરપોટાની આંખ, ધ ન્યૂ લાઈફ, નિઃશેષ

22. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) ખંડકાવ્ય : શાપસંભ્રમ, ઉર્વશી, શિખંડી

(2) પદ્યનાટક : નેપથ્યે, ડાયલનાં પંખી, અશ્વત્થામા

(3) કરુણપ્રશસ્તિ : સદ્ગત ચન્દ્રશીલાને, વિલ્સનવિરહ, યમને નિમંત્રણ

(4) સૉનેટ : સુખદુઃખ, છેલ્લું દર્શન, ઉપડી ડમણી

23. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) દ્વંદ્વ : વહેલું મોડું, માનવજાત, રાગદ્વેષ

(2) કર્મધારય : હૈયાસગડી, મધમીઠું, આઘુંપાછું

(3) ઉપપદ : વ્યાજખાઉ, ધાડપાડુ, કૃતઘ્ન

(4) મધ્યમપદલોપી : કલ્પવૃક્ષ, ચણાચૂર, દીવાદાંડી

24. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) પન્નાલાલ : સાચાં શમણાં, મળેલા જીવ, ભાંગ્યાના ભેરુ

(2) દર્શક : દીપનિર્વાણ, બંધન અને મુક્તિ, સૉક્રેટિસ

(3) રઘુવીર ચૌધરી : લાગણી, તમે, લાવણ્ય

(4) લાભશંકર ઠાકર : કોણ ?, હાસ્યાસન, અકસ્માત

25. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) અર્થ વિસ્તાર : કુશળ, અભ્યાસ, પંકજ

(2) અર્થ સંકોચ : ભાર્યા, શ્રાદ્ધ, ધરા

(3) અર્થોત્કર્ષ : ગણિકા, સાહસ, કર્પટ

(4) અર્થોપકર્ષ : મહારાજ, હરિજન, મહાજન

26. સર્વથા વિસંગત જૂથ જણાવો :
(1) સુંદરમ્ : ખોલકી, પેકાર્ડનો પ્રવાસ, માને ખોળે
(2) જયંત ખત્રી : ધાડ, થીગડું, ખરા બપોર
(3) સુરેશ જોશી : નળદમયંતી, વીરાંગના, કુર્માવતાર
(4) ગિરીશ ભટ્ટ : સુગંધ, ગોત્ર, અત્તરગલી

27. સર્વથા વિસંગત જૂથ જણાવો.
(1) કંદર્પ, પુષ્પધન્વા, કુસુમાયુધ
(2) ઉત્પલ, સરસિજ, અરવિંદ
(3) સમીર, અનિલ, અર્ભક
(4) વારિધિ, અર્ણવ, મહેરામણ

28. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
(અ) 'ઓતરાદી દિવાલો' મેઘાણીનું જીવન ચિંતનવિષયક પુસ્તક છે.
(બ) 'પૂર્વ આફ્રિકામાં' કાકાસાહેબનો પ્રવાસગ્રંથ છે.
(1) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(2) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(3) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(4) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

29. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
(અ) પોતાની મશ્કરી કરનાર પૂંજાની ચંદા હત્યા કરે છે.
(બ) પોતાની પત્નીનો અપરાધ ભીમો પોતાના પર લઈ લે છે.
(1) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(2) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(3) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(4) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

30. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
(અ) કવિની સાહજિક પ્રતિભાનું જ પ્રાધાન્ય સમજાય તે સુકુમાર માર્ગ.
(બ) કવિની વ્યુત્પત્તિ જેના સૌન્દર્ય નિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવે તે વિચિત્ર માર્ગ.
(1) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(2) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(3) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(4) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

31. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
(અ) 'ઝેનોની'નું રૂપાંતર 'ગુલાબસિંહ' નામે થયું છે.
(બ) 'પ્લુટ્સ'નું રૂપાંતર 'ઢીંગલીઘર' નામે થયું છે.
(1) (અ) અને (બ) બન્ને સાચાં છે.
(2) (અ) અને (બ) બન્ને ખોટાં છે.
(3) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(4) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

**32.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) ઉપમાન ઉપમેયને ગળી જાય ત્યારે અતિશયોક્તિ અલંકાર બને છે.

(બ) ઉપમાન કરતાં ઉપમેય ચડિયાતું હોય ત્યારે વ્યતિરેક અલંકાર બને છે.

(1) (અ) અને (બ) બન્ને સાચાં છે. (2) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(3) (અ) સાચું છે અને (બ) ખોટું છે. (4) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

**33.** નીચેનાં વિધાનોને કાર્યકારણસંબંધે તપાસો :

(A) ક્યારેક શરતચૂકથી 'સરતચૂક' લખાઈ જાય છે.

(R) 'શરત' અને 'સરત' સમાનાર્થી શબ્દો છે.

(1) (A) અને (R) બન્ને સાચાં છે. (2) (A) અને (R) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (R) ખોટું છે. (4) (A) ખોટું છે અને (R) સાચું છે.

**34.** નીચેનાં વિધાનોને કાર્યકારણસંબંધે તપાસો :

(A) 'જ્ઞ' સંયુક્તાક્ષર છે.

(R) ગ્ અને ઞના જોડાણથી જ્ઞ બને છે.

(1) (A) અને (R) બન્ને સાચાં છે. (2) (A) અને (R) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (R) ખોટું છે. (4) (A) ખોટું છે અને (R) સાચું છે.

**35.** નીચેનાં વિધાનોને કાર્યકારણસંબંધે તપાસો :

(A) 'ખરા બપોર'નો નાયક પત્નીને મરણતોલ માર મારે છે.

(R) 'ખરા બપોર'ની નાયિકા પતિથી છુપાવીને માંસનો ટુકડો ખાઈ ગઈ હતી.

(1) (A) અને (R) બન્ને સાચાં છે. (2) (A) અને (R) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (R) ખોટું છે. (4) (A) ખોટું છે અને (R) સાચું છે.

**36.** નીચેનાં વિધાનોને કાર્યકારણસંબંધે તપાસો :

(A) ચિત્ર અને કાવ્યકલા વચ્ચે અભેદ છે.

(R) 'ચિત્ર એટલે મૂગી કવિતા અને કવિતા એટલે બોલતું ચિત્ર' છે.

(1) (A) અને (R) બન્ને સાચાં છે. (2) (A) અને (R) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (R) ખોટું છે. (4) (A) ખોટું છે અને (R) સાચું છે.

**37.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | **I** | | **II** |
|---|---|---|---|
| a. | શિલ્પ | i. | પિરામિડ |
| b. | સ્થાપત્ય | ii. | લાસ્ટ સપર |
| c. | ચિત્ર | iii. | લાઓકૂન |
| d. | નૃત્ય | iv. | ઓડિસી |

**કોડ :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (1) | ii | iii | i | iv |
| (2) | iii | i | ii | iv |
| (3) | i | iv | ii | iii |
| (4) | iii | i | iv | ii |

**38.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | **I** | | **II** |
|---|---|---|---|
| a. | મેઘાણી | i. | ચારણી સાહિત્ય : વારસો અને વૈભવ |
| b. | જયમલ્લ પરમાર | ii. | ગુજરાતના લોકદેવો |
| c. | જોરાવરસિંહ જાદવ | iii. | લોકસાહિત્ય વિમર્શ |
| d. | અંબાદાન રોહડિયા | iv. | ચારણો અને ચારણી સાહિત્ય |

**કોડ :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (1) | iv | iii | ii | i |
| (2) | ii | i | iv | iii |
| (3) | iv | ii | i | iii |
| (4) | iii | iv | ii | i |

**39.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | **I** | | **II** |
|---|---|---|---|
| a. | મને બોલાવે ઓ ગિરિવર તણાં મૌન શિખરો | i. | પૃથ્વી |
| b. | પ્રિયે, તુજ લટે ધરું ધવલ સ્વચ્છ આ મોગરો | ii. | શિખરિણી |
| c. | આવે ત્યારે દઈ નવ શકું અંતરે જે ભર્યું તે | iii. | અનુષ્ટુપ |
| d. | નહીં નાથ, નહીં નાથ, ન જાણો કે સવાર છે. | iv. | મંદાક્રાંતા |

**કોડ :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (1) | iii | ii | i | iv |
| (2) | i | iv | iii | ii |
| (3) | ii | i | iv | iii |
| (4) | ii | iii | i | iv |

**40.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | તોત્તોચાન | i. | અનિલા દલાલ |
| b. | યુગાન્ત | ii. | રવીન્દ્ર પારેખ |
| c. | રાધાકૃષ્ણ | iii. | રમણ સોની |
| d. | ઉઠાવગીર | iv. | રાશિન ઓઝા |

**કોડ :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (1) | iii | ii | iv | i |
| (2) | ii | iv | iii | i |
| (3) | i | ii | iii | iv |
| (4) | iii | iv | i | ii |

**41.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | કાર્યનું અનુકરણ | i. | વર્ડ્ઝવર્થ |
| b. | સ્વયંભૂ ઊભરો | ii. | કોલરિજ |
| c. | યથોચિત શબ્દો યથોચિત પદક્રમમાં | iii. | એરિસ્ટોટલ |
| d. | જીવનની સમીક્ષા | iv. | મેથ્યુ આર્નલ્ડ |

**કોડ :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (1) | ii | iii | iv | i |
| (2) | iii | i | ii | iv |
| (3) | ii | iv | iii | i |
| (4) | iii | iv | i | ii |

**42.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | રાગાધીનમ્ | i. | સંજુ વાળા |
| b. | અરુંધતીનો તારો | ii. | ઉષા ઉપાધ્યાય |
| c. | કંદરા | iii. | મનીષા જોશી |
| d. | પૃથ્વીના આ છેડે | iv. | રાજેશ પંડ્યા |

**કોડ :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (1) | i | ii | iii | iv |
| (2) | ii | iv | i | iii |
| (3) | i | iv | ii | iii |
| (4) | ii | iii | iv | i |

**43.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | કવિજીવન | i. | વિશ્વનાથ ભટ્ટ |
| b. | વીર નર્મદ | ii. | વિનોદ ભટ્ટ |
| c. | નર્મદ : અર્વાચીનોમાં આદ્ય | iii. | નવલરામ |
| d. | નર્મદ : એક ક્યેરેક્ટર | iv. | કનૈયાલાલ મુનશી |

**કોડ :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (1) | iii | ii | i | iv |
| (2) | iv | iii | i | ii |
| (3) | iii | i | iv | ii |
| (4) | ii | iv | iii | i |

**44.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | કુસુમાકર | i. | બાલાભાઈ દેસાઈ |
| b. | મરીચિ | ii. | સુંદરમ્ |
| c. | જયભિખ્ખુ | iii. | મગનભાઈ દેસાઈ |
| d. | કોલક | iv. | શંભુપ્રસાદ જોશીપુરા |

**કોડ :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (1) | iv | ii | i | iii |
| (2) | iii | i | ii | iv |
| (3) | iv | iii | i | ii |
| (4) | ii | iv | iii | i |

**45.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| a. | એતદ્ | i. | બળવંત જાની |
| b. | લોકગુર્જરી | ii. | સતીશ ડણાક |
| c. | કવિ લોક | iii. | કમલ વોરા |
| d. | જલારામદીપ | iv. | ધીરુ પરીખ |

**કોડ :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (1) | ii | iii | iv | i |
| (2) | iii | ii | i | iv |
| (3) | ii | iii | i | iv |
| (4) | iii | i | iv | ii |

નીચેનું કાવ્ય વાંચી એની નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો :

ઘરમાં ઊગ્યો મોગરો કે સાંજ સમાનો દીપ ?
મોતી નીકળ્યું મૂલનું અળગી થાતાં છીપ !
પાણિયારે પોંખતી અજવાળાનો જીવ,
પારવતી જયમ પામતી સંતાયેલા શિવ !
એને તે અજવાળિયે નમણા જોઉં નાગ,
કંકુ કાયા રેલિયાં સમણાં જેમ સજાગ !
જલનું તાજું બેડલું ભર્યું નદીનું નીર,
જોવા ઝમતું બુંદથી રૂમઝૂમ દીપ અધીર !
સુખડ-સળીને પેટવી ઉપર ઊગતી વેલ
મુજને મૂકી અલોપ થઈ પિયરિયાની વ્હેલ !
દીવડી નાની તલાવડી વચમાં ઘીનું નીર,
ડોલે સોના-નાવડી રમતો જેમ સમીર !
પાલવ મારો પાથરી ભોંય લગાડું ભાગ,
વ્હાલા મારા, રાખજો રતૂમડો સોહાગ !

**46.** નાયિકાને સંધ્યાદીપ કેવો દેખાય છે ?

(1) તારક જેવો (2) મોતી જેવો
(3) બિંદી જેવો (4) છીપ જેવો

**47.** નદી નીર ભર્યા બેડાની કઈ ઉત્કંઠા છે ?

(1) બુંદ-બુંદ ઝમવાની (2) જળથી તાજા રહેવાની
(3) અધીરાઈથી છલકાવાની (4) દીપદર્શનની

**48.** પિતૃગૃહ વિશેના નાયિકાના વિચાર કેવા છે ?

(1) પોતાને અટૂલી છોડી દીધાના
(2) ધૂપસળીની જેમ પોતાને પેટાવવાના
(3) વેલીની જેમ વૃક્ષ પર ચઢાવી દીધી હોવાના
(4) વ્હેલની જેમ ટિંગાડી દેવાના

**49.** 'દીવડી નાની ......... ઘીનું નીર' પંક્તિમાં કયો અંલકાર છે ?

(1) અતિશયોક્તિ (2) રૂપક
(3) વ્યતિરેક (4) ઉત્પ્રેક્ષા

**50.** કાવ્યમાં કયા છંદનો બંધ છે ?

(1) અનુષ્ટુપ (2) ચોપાઈ
(3) સોરઠા (4) દોહરા

**Space For Rough Work**